# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગઅમદાવાદ ,આકાશવાણી ,

**Date: 15-01-2025 Day: Wednesday Evening: 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## 77મા આર્મી દિવસની ઉજવણી:

**77માં આર્મી દિવસની ઉજવણીના ભાગરૂપે કચ્છના રણમાં આર્મીના જવાનો દ્વારા ભૂમિ નૌકા વિહાર અભિયાન આજથી શરૂ કરવામાં આવ્યું છે. આ અંગે સાંભળીએ એક વિશેષ અહેવાલ..**

***(વોઇસ કાસ્ટ - પરેશ મારૂ)***

***સેના દિવસની ઉજવણીના ભાગરૂપે ધોરડોના સફેદ રણમાં 617 (સ્વતંત્ર) એર ડિફેન્સ બ્રિગેડના બ્રિગેડિયર રવીન્દ્ર સિંહ ચીમાએ ભૂમિ નૌકા વિહાર અભિયાને ફ્લેગ ઓફ આપી પ્રારંભ કરાવ્યો હતો. 7 નૌકામાં વારાફરતી 20 જવાનો કેપ્ટન વીરેશ એસજીના નેતૃત્વ હેઠળ કચ્છના રણમાં સઢવાળી નોકા ચલાવવાનું સાહસ કર્યું છે. આર્મીના જવાનો 400 કિલોમીટરનુ અંતર કાપી 20 જન્યુઆરીએ પરત ધોરડોના સફેદ રણ ખાતે પહોંચી આ અભિયાન પૂર્ણ કરશે.***

***આ અંગે કેપ્ટન વિરેશ એસજીએ આ પ્રમાણે જણાવ્યું હતું.***

***(બાઇટ - કેપ્ટન વિરેશ એસજી)***

***બ્રિગેડિયર રવીન્દ્ર સિંહ ચીમાએ જણાવ્યું હતુ કે ઈન્ડિયન આર્મીમાં ફરજ બજાવતા જવાનો કચ્છની સરહદ અને ભૌગોલિક પરિસ્થતિથી વાકેફ થાય અને અહીંના યુવાનો આર્મીથી પ્રભાવીત થઇ ભારતીય સેનામા જોડાય તેવા ઉદેશ્ય સાથે આ સાહસિક અભિયાનનું આયોજન કરાયું છે. આ પ્રકારનું સાહસ સમગ્ર એશિયામાં માત્ર કચ્છમાં જ થાય છે.***

***પરેશ મારૂ, આકાશવાણી સમાચાર, ભુજ***

---

## ધ્રબ ગામ સૌ પ્રથમ સોલાર ગ્રામ બનશે:

**વૈકલ્પિક ઉર્જાના ઉત્પાદન સાથે વપરાશને પ્રોત્સાહન માટે જીલ્લામાં થઇ રહેલી કામગીરી અંતર્ગત મુન્દ્રા તાલુકાનું ધ્રબ ગામ જીલ્લાનું સૌ પ્રથમ "સોલાર ગ્રામ" બનશે. જે અંતર્ગત ધ્રબ ગામના ૭૫૦ જેટલા ઘરોમાં સોલાર પેનલ લગાડાશે. આ ઉપરાંત નજીકની ભોપાવાંઢને પણ આ કામગીરી અંતરગત આવરી લેવાશે. આજે ધ્રબ ખાતે જીલ્લા વહીવટીતંત્ર અને ગ્રામપંચાયતના ઉપક્રમે આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનો પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે જીલ્લા કલેકટર અમિત અરોરાએ ધ્રબ અને ભોપાવાંઢ વાસીઓને અભિનંદન પાઠવ્યા હતા. આ સાથે જીલ્લાના સૌ પ્રથમ ગામને હાઉસ હોલ્ડ સોલાર પેનલથી સજ્જ કરવાના આ પ્રોજેક્ટ માટે અદાણી ફાઉન્ડેશનના યોગદાનને બિરદાવ્યું હતું.**

---

## કરુણા અભિયાન-૯૨ પક્ષીઓને સારવાર:

**રાજ્ય સરકાર દ્વારા ચલાવાઈ રહેલા કરુણા અભિયાન અંતર્ગત પતંગની દોરીથી ઘાયલ થયેલા પક્ષીઓને બચાવી લેવા જીલ્લા પશુપાલન વિભાગ, વન વિભાગ, તેમજ વિવિધ સેવાભાવી સંસ્થાઓના સહયોગ દ્વારા ઓપરેશન સહિતની વ્યવસ્થાઓ ઉભી કરાઈ હતી. આ અંગેની વિગતો આપતા જીલ્લા પશુપાલન અધિકારી ડો. રાજેશ પટેલે જણાવ્યા મુજબ, જિલ્લાભરમાં ૯૨ જેટલા ઘાયલ પક્ષીઓમાં સૌથી વધુ પક્ષીઓ ભુજ, ગાંધીધામ અને અંજારમાં ઘાયલ થયા હતા. જેમાંથી ૧૮ પક્ષીઓના મેજર ઓપરેશન, અને ૨૩ના માઈનર ઓપરેશન કરવામાં આવ્યા હતા. જયારે ૫૧ જેટલા પક્ષીઓને પ્રાથમિક સારવાર અપાઈ હતી.**

---

## ક્ષય નાબુદી માટે જીલ્લા આરોગ્ય વિભાગની કામગીરી:

**કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૨૫ના અંત સુધી ક્ષય રોગ નાબુદ કરવા સઘન અભિયાન હાથ ધરાયું છે જે અંતર્ગત જીલ્લામાં આવનારા દિવસોમાં નવા સંભવિત દર્દીઓ ન ઉમેરાય તે માટે અત્યાધુનિક ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ત્વચા પરીક્ષણ સહિતના નવા ટેસ્ટ શરુ કરવામાં આવ્યા છે.**

જીલ્લામાં હાલ ૧ હજાર ૬૦૦ જેટલા ટીબીના સક્રિય દર્દીઓ છે ત્યારે આ નવા ટેસ્ટ દ્વારા નિદાન થયેલ દર્દીઓના નજીકના સંપર્કો અને તેમના સંપર્કમાં આવનાર લોકોના ત્વચા પરીક્ષણ કરી સુષુપ્ત ટીબીના કેસોને શોધવા જીલ્લા ક્ષય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા કવાયત હાથ ધરાઈ છે. જેમાં, ટીબીના ચેપગ્રસ્ત દર્દી મળી આવતા તેમને ૧૨ સપ્તાહની અટકાયતી સારવાર આપી સંક્રમણ મુક્ત કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક માસથી ચાલી રહેલી ત્વચા પરીક્ષણની કામગીરી અંતર્ગત આરોગ્ય કર્મીઓના પણ પરીક્ષણ કરવામાં આવ્યા છે.

---

<u>રાજ્યમાં ઉત્તરાયણ પર્વે ૧૦૮ માટેના કોલ્સમાં વધારો:</u>

રાજ્યમાં ઉત્તરાયણપર્વ પર 108 એમ્બ્યુલન્સ સતત દોડતી રહી હતી. 14 જાન્યુઆરીના 108ને રાજ્યમાં 4948 જેટલા ઈમરજન્સી કૉલ મળ્યા હતા. જેમાં અમદાવાદમાં સૌથી વધુ 734 કૉલ નોંધાયા છે. આ ઉપરાંત કચ્છ જિલ્લામા 108ની ટીમે 130 ઇમરજન્સી કોલ રિસીવ કર્યા હતા. રાજ્યમાં સામાન્ય દિવસો દરમિયાન 3809 જેટલા કોલ આવતા હોય છે જ્યારે મકરસંક્રાંતિના પર્વ દરમિયાન 4948 જેટલા કોલ આવ્યા હતા જે સામાન્ય દિવસો કરતા 29 ટકા સેવાના વધુ કોલ આવ્યા હતા.

---

<u>ઠંડી:</u>

જિલ્લામાં ઉત્તરાયણ બાદ પણ કાતિલ ઠંડીનો દોર યથાવત રહ્યો છે. આજે નલિયામાં લઘુતમ તાપમાન 6.8 ડિગ્રી નોંધાયું છે , જ્યારે જિલ્લા મથક ભુજમાં લઘુત્તમ તાપમાન 11.4 ડિગ્રી નોંધાયુ છે. જ્યારે ડલા પોર્ટ વિસ્તારમાં લઘુતમ તાપમાન 13.9 ડિગ્રી અને મહત્તમ તાપમાન 26.2 ડિગ્રી નોંધાયું છે. પૂર્વ કચ્છના વાગડ વિસ્તારમાં અને સરહદી તાલુકાના ગામડાઓમાં તીવ્ર ઠારનો લોકો અનુભવ કરી રહ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ , આગામી દિવસોમાં પણ આવી જ સ્થિતિ જળવાઈ રહેવાની શક્યતા છે.

---